# કોઠારીયા ચોકડી પાસે ટ્રાફિક ભંગ કરતા શખસની દાદાગીરી, ફરજમાં રૂકાવટનો ગૂનો દાખલ

રાજકોટ

રાજકોટમાં પ્રેસની ખોટી ઓળખ આપી એક શખસે લેડી ટ્રાફિક પોલીસ સાથે ઝપાઝપી કરી હોવાની ઘટના સામે આવી છે. શહેરની કોઠારીયા ચોકડી પાસે વાહન ચેકિંગમાં રહેલા મહિલા ટ્રાફિક હેડ કોન્સ્ટેબલે આરટીઓ માન્યતા વિનાની નંબર પ્લેટ સાથે આવેલા વાહન ચાલકને રોકતા તે સંજય ધામેચા નામના શખસે પ્રેસમાં હોવાની ખોટી ઓળખ આપી દંડ ભર્યો ન હતો. જે બાદ ઝપાઝપી કરી મહિલા ટ્રાફિક પોલીસને કાંડામાં ઈજા પહોંચાડી હતી. જોકે, આ અંગે આજીડેમ પોલીસે ફરજમાં રૂકાવટનું ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

રાજકોટ શહેરમાં ટ્રાફિક શાખામાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા સેજલબેન પરમારે આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ૨ જાન્યુઆરીના બપોરે કોઠારીયા ચોકડી બ્રિજ ઉપર ફરજ પર હતા ત્યારે ૧૨.૨૫ વાગ્યે કોઠારીયા ચોકડી ઉપર વાહન ચેકિંગની કરતા હતા. આ દરમિયાન આર.ટી.ઓ માન્ય નંબર પ્લેટ વગરનું એક વાહન આવતા તેને રોકી તેના નંબર જોતા પ્લ૧૦ઈઙ ૭૬૧૩ લખ્યું હતું. જેથી વાહનચાલકને દંડ ભરવાનુ કહ્યું હતું. જે સમયે તેમણે જણાવ્યું હતું કે, હું પ્રેસમાંથી છું અને મારુ નામ સંજયભાઈ ધામેચા છે.

તમે કાયમ અહી બધા વાહનચાલકોને હેરાન કરો છો તેમ કહી બોલાચાલી કરવા લાગ્યા હતા. જે બાદ ઝપાઝપી કરતા મને કાંડાના ભાગે મુંઢ ઈજા થઈ હતી. આ દરમિયાન તેનો મોબાઈલ ફોન નીચે પડી ગયો હતો. જેથી તે ભાઈ અમારી પર આક્ષેપ કરવા લાગ્યા હતા કે તમે મારો મોબાઈલ તોડી નાખ્યો છે. જેથી તેનો ખર્ચ આપી દો. ઈન્ચાર્જ જીૈ ડી.પી.ગોહિલે તે ભાઈને પૂછ્યું હતું કે, તમો કયા પ્રેસમાં છો? તમારી પાસે આઈકાર્ડ છે? તો તે ભાઈએ આઈકાર્ડ ન હોવાનું જણાવ્યું હતું અને કોઈ પ્રેસનું નામ આપ્યું ન હતું. જેથી પોલીસે ફરજમાં રૂકાવટ ન ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# સુલતાનપુર નજીક બાઈક સ્લીપ થતા ઘવાયેલા દેવડા ગામના ઘનશ્યામભાઈ પટેલનું સારવારમાં મોત

રાજકોટ

સુલતાનપુર નજીક બાઈક સ્લીપ થતા ઘવાયેલા દેવડા ગામના ઘનશ્યામભાઈ પટેલનું સારવારમાં મોત નીપજ્યું હતું. ૬૫ વર્ષીય ઘનશ્યામભાઈ બાઈક લઈ સુલતાનપુર ગયા હતા અને ત્યાંથી પરત પોતાના ઘરે આવતા હતા ત્યારે અકસ્માત સર્જાયો હતો.

આ અંગે મળતી વિગત મુજબ ઘનશ્યામભાઈ વાલજીભાઈ ગોંડલીયા (પટેલ) (ઉંમર વર્ષ ૬૫, રહે. દેવડા ગામ, તાલુકો ગોંડલ) તા.૩૧/૧૨ ના રોજ સાંજે સાત વાગ્યે પોતાનું મોટરસાયકલ લઈને સુલતાનપુરથી દેવડા ગામ તરફ જતા હતા . ત્યારે બાઈક સ્લીપ થઈ જતા તેઓને ઈજા થઈ હતી. તેમને પ્રથમ વડિયા સરકારી હોસ્પિટલ બાદ જૂનાગઢ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે બેભાન હાલતમાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લાવતા ગઈકાલે રાત્રે તેમનું મોત નીપજ્યું હતું.

પરિવારજનોએ જણાવ્યું કે ઘનશ્યામભાઈ ૨ ભાઈ અને ૨ બહેનમાં મોટા હતા. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે તેઓ સુલતાનપુર ખાતે કામસર ગયા હતા અને ત્યાંથી પરત દેવડા ગામ પોતાના ઘરે જતા હતા ત્યારે બનાવ બન્યો હતો. વૃદ્ધના અકાળે મોતથી પરિવારમાં શોક છવાયો હતો

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ વિકાસના વૈશ્વિક પથ પર આગળ વધતા રાજકોટને નવો વેગ આપશે

રાજકોટ,

વિકાસ, નવીનતા અને ઉદ્યોગસાહસિકતાનું કેન્દ્ર બની રહેલું રાજકોટ હવે 'વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ' સાથે વૈશ્વિક મંચ પર પોતાની મજબૂત હાજરી નોંધાવવાનું છે. રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે ૧૧ જાન્યુઆરીએ વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ તથા ટ્રેડ શોનો ઉદઘાટન સમારોહ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં યોજાશે. આ કોન્ફરન્સ ગુજરાતની ઔદ્યોગિક ક્ષમતાઓ, સ્જીસ્ઈ શક્તિ અને સ્ટાર્ટઅપ સંભાવનાઓને નવી દિશા આપશે.

'રીજીયોનલ એસ્પિરેશન્સ, ગ્લોબલ એમ્બિશન' થીમ સાથે યોજાનાર આ કોન્ફરન્સમાં દેશ–વિદેશના ઉદ્યોગપતિઓ- નિષ્ણાતો એક મંચ પર આવશે. અત્યાર સુધીમાં હજારો રજિસ્ટ્રેશનો અને અનેક આંતરરાષ્ટ્રીય ટ્રેડ ઓર્ગેનાઈઝેશનોની ભાગીદારી આ કોન્ફરન્સની વૈશ્વિક વિશ્વસનીયતા દર્શાવે છે. ડિફેન્સ, એરોસ્પેસ, ગ્રીન એનર્જી, સ્ટાર્ટઅપ્સ અને નવી ટેકનોલોજી જેવા ક્ષેત્રોમાં યોજાનારા સેમિનાર, રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ અને સંવાદો રાજકોટને ઓદ્યોગિક વિકાસ માટે નવી તકો ઉજાગર કરશે.

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દ્રષ્ટિવાન નેતૃત્વ હેઠળ નાગરિક સુવિધાઓમાં ગુણવત્તામાં સુધાર, રોજગારની નવી તકો, ટેકનોલોજી આધારિત સેવાઓ અને જનકલ્યાણની અસરકારક યોજનાઓના અમલીકરણને કારણે રાજકોટને "વાઈબ્રન્ટ" ઓળખ મળી. સરકાર–તંત્ર –જનસહયોગના સુમેળથી રાજકોટને ગતિ મળવાની સાથે દિશા પણ મળી.

ગુજરાત રાજ્યના નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે રાજકોટ શહેરમાં નવનિર્મિત અદ્યતન સાયબર સેન્ટીનલ્સ લેબ તેમજ માઉન્ટેડ પોલીસ લાઇન ખાતે રૂ. ૨૯૨૬ લાખના ખર્ચે નિર્મિત બી-કક્ષાના ૧૦૮ પોલીસ આવાસોનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ફાઈનાન્સિયલ તથા સોશિયલ નુકસાનની રિકવરી અને ડિજિટલ હેરેસમેન્ટના કેસોના ઝડપી નિરાકરણમાં ગુજરાત રાજ્ય આજે અગ્રેસર બની રહ્યું છે. આવા પડકારોને અસરકારક રીતે કાબૂમાં લેવા માટે આધુનિક ટેકનોલોજીથી સજ્જ સાયબર સેન્ટીનલ્સ લેબ સમયની મહત્વની જરૂરિયાત છે. રાજકોટ પોલીસ દ્વારા વિકસાવવામાં આવેલા પાંચ જેટલા સોફ્ટવેર ડિજિટલ ગુનાઓ અટકાવવામાં વધુ મદદરૂપ બની રહ્યા છે.

રાજકોટ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં રસ્તાઓનું નેટવર્ક વધુ સુદ્રઢ બનાવવા સરકાર દ્વારા વિવિધ કામગીરી કરવામાં આવી રહી છે. વિકાસ માત્ર માળખાંથી નથી માપાતો, વિકાસ ત્યારે સાર્થક બને છે જ્યારે યુવાનોને સપનાથી સફળતા સુધીની દિશા મળે. આવા જ દ્રષ્ટિકોણ સાથે "વિકાસ સપ્તાહ" અંતર્ગત રાજકોટ ખાતે યુવા રોજગાર અને કૌશલ્ય સશક્તિકરણ સમારંભ યોજાયો હતો. વર્ષ ૨૦૨૫માં ૭૨૧ યુવાનોને રોજગાર એનાયત પત્રો, ૭૦૧ આઈ.ટી.આઈ. તાલીમાર્થીઓને પ્રોવિઝનલ ઓફર લેટર તેમજ આ ા ઈ . ટી . આ ા ઈ . ન ા આધુનિકીકરણ માટે ઉદ્યોગો સાથે ૬ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા.

આ રીતે, વિકાસના દરેક આયામને સ્પર્શતું રાજકોટ આજે પ્રગતિશીલ અને પ્રેરણાદાયી બનીને ઊભર્યું છે. સુવિધાઓ, સંસ્કૃતિનું સંવર્ધન અને યુવા શક્તિનું સશક્તિકરણ— આ તમામ પાસાંઓએ રાજકોટને 'વાઈબ્રન્ટ' ઓળખ આપી છે. સરકારના દ્રષ્ટિવાન નેતૃત્વ, લોકહિતકારી નીતિઓ અને જનસહયોગના સુમેળથી શહેર વિકાસની નવી ઊંચાઈઓ સર કરી રહ્યું છે. તેમજ 'વાઈબ્રન્ટ ગુજરાત રીજીયોનલ કોન્ફરન્સ' સાથે રાજકોટ વૈશ્વિક મંચ પર પોતાના સંભાવનાઓનો વિશ્વાસપૂર્વક પરિચય કરાવી રહ્યું છે.

- આલેખન - હેમાલી ભટ્ટ

# રાજકોટ આરપીએફ ડિવિઝનની મોટી સિદ્ધિઃ વર્ષ ૨૦૨૫માં મુસાફરોનો ૪૦ લાખનો સામાન પરત કર્યો

## 'સેવા હી સંકલ્પ' સાથે આરપીએફ રાજકોટ ડિવિઝને સુરક્ષા અને માનવીય સેવામાં સ્થાપ્યા નવા આયામો




રાજકોટ,

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન અંતર્ગત રેલવે સુરક્ષા દળ (આરપીએફ) એ વર્ષ ૨૦૨૫ દરમિયાન સુરક્ષા, સતર્કતા અને માનવીય સંવેદનાઓનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પ્રસ્તુત કર્યું છે. આઈજી-સહ-પ્રધાન મુખ્ય સુરક્ષા કમિશનર શ્રી અજય સદાની ના કુશળ માર્ગદર્શન તથા ડિવિઝન સુરક્ષા કમિશનર શ્રી કમલેશ્વર સિંહના પ્રભાવી નિરીક્ષણ હેઠળ આરપીએફએ મુસાફરોની સુરક્ષાની સાથે-સાથે તેમનો વિશ્વાસ જીતવામાં પણ સફળતા મેળવી છે.

ઓપરેશન અમાનત (પ્રામાણિકતાનું ઉદાહરણ): રેલ મુસાફરી દરમિયાન ભૂલથી છૂટી ગયેલા સામાનને મુસાફરો સુધી પહોંચાડવામાં આરપીએફ એ તત્પરતા દાખવી હતી. સમગ્ર વર્ષ દરમિયાન ૩૩૯ મુસાફરોનો કુલ ૪૦,૭૬,૩૬૨/- ની કિંમતનો સામાન સુરક્ષિત રીતે શોધી કાઢી તેમને સુપરત કરવામાં આવ્યો હતો.

ઓપરેશન નન્હે ફરિશ્તે (વિખૂટા પડેલાઓને મિલાવ્યા): સ્ટેશનો અને ટ્રેનોમાં બિનવારસી અથવા પોતાના પરિવારથી વિખૂટા પડેલા ૨૪ બાળકોને આરપીએફએ રેસ્ક્યૂ કર્યા અને સંપૂર્ણ સુરક્ષા સાથે તેમના પરિવારજનો સાથે મિલાવીને તેમના ચહેરા પર સ્મિત પાછું લાવ્યા.

ઓપરેશન ડિગ્નિટી : વિપરીત સંજોગોને કારણે પોતાના પરિવારથી દૂર થયેલા ૦૮ વ્યક્તિઓને શોધી કાઢી તેમના પરિવારને સોંપવામાં આવ્યા હતા.

ઓપરેશન રેલ સુરક્ષા અને ઉપલબ્ધ : રેલવે સંપત્તિની સુરક્ષા કરતા ૩૦ કેસોમાં ૮૧ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. તેમજ ટિકિટોના કાળાબજાર વિરુદ્ધ ૧૩ વ્યક્તિઓ પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

ઓપરેશન સમય પાલન : ટ્રેનોની ગતિ ન અટકે તે માટે ગેરકાયદેસર ચેઈન પુલિંગ કરનારા ૪૫૪ આરોપીઓની ધરપકડ કરી તેમની વિરુદ્ધ રેલવે અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી.

ઓપરેશન યાત્રી સુરક્ષાઃ મુસાફરોના સામાનની ચોરી અટકાવવા માટે સક્રિય રહીને ૦૭ આરોપીઓને ઝડપી પાડી આગળની કાર્યવાહી માટે જીઆરપી ને સોંપવામાં આવ્યા હતા.

ઓપરેશન જનજાગૃતિ : આરપીએફ એ માત્ર કાર્યવાહી જ નથી કરી, પરંતુ મુસાફરોને જાગૃત પણ કર્યા છે. ગ્રામ સરપંચો અને સ્થાનિક પ્રતિનિધિઓ સાથેની બેઠકો દ્વારા પથ્થરમારો અટકાવવા, મહિલા સુરક્ષા અને માનવ તસ્કરી વિરુદ્ધ જન-અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આરપીએફ રાજકોટ ડિવિઝનની આ સિદ્ધિઓએ સાબિત કરી દીધું છે કે ભારતીય રેલવે માત્ર મુસાફરીનું માધ્યમ નથી, પરંતુ મુસાફરોની સુરક્ષા અને સેવા માટે પણ સંપૂર્ણપણે સમર્પિત છે.

# રાજકોટમાં મનપામાં ટોળુ આવે ત્યારે જ તંત્રને સમસ્યા દેખાય -સમજાય!

## મહિલાઓએ કહ્યું મેયરના ઘરે રજૂઆત કરવા જઈએ તો તેમના પતિ ના પાડે છે, એટલે ઘરકામ મુકીને મેયરની ઓફિસે આવ્યા

રાજકોટ,

રાજકોટમાં કુવાડવા રોડ પર મીરાં પાર્ક વિસ્તારમાં રહેતા મેયરના વિસ્તારમાં જ લોકો સમસ્યાથી ત્રસ્ત છે. આજે મેયરના ઘર નજીક ગુરૂદેવ પાર્કમાં રહેતી મહિલાઓનું ટોળુ મનપામાં મેયર ચેમ્બરે ધસી આવ્યું હતું અને ભંગાર રસ્તા તથા પીવાનું પુરતું પાણી નહી મળવાની સમસ્યા મુદ્દે રોષ ઠાલવ્યો હતો.

સામાન્ય રીતે જનપ્રતિનિધિનું ઘર નજીક હોય ત્યારે પડોશમાં રહેતા લોકો મનપા સંબંધી નેતાના ઘરે જઈને રજૂ કરતા હોય છે. પરંતુ, આ મહિલાઓએ પોતાના ઘરકામ છોડીને મહાપાલિકામાં રૂબરૂ આવવા માટે એવું કારણ જણાવ્યું કે તેઓ જ્યારે મેયર નયનાબેન પેઢડીયાના ઘરે રજૂઆત કરવા જાય ત્યારે તેમના પતિ અહીં ઘરે ફરિયાદ કરવા નહી આવવાનું તેમ કહીને પરત મોકલી દે છે.આથી મનપાએ રજૂઆત કરાઈ છે. મનપામાં વોર્ડવાઈઝ એન્જિનિયરો સહિત અનેકવિભાગનો વોર્ડવાઈઝ સ્ટાફ મુકાયો છે અને દરેક કામગીરીના સંકલન માટે જંગી પગારખર્ચ ચૂકવીને વોર્ડ ઓફિસરો પણ મુકાયેલા છે

આભાર - નિહારીકા રવિયા

પરંતુ,આમ છતાં મોટરકારમાં ફરતા આ અફસરોને જમીન ઉપરની સમસ્યા સ્વયં દેખાતી નથી કે તે તરફ નજર મંડાતી નથી, વળી એક ફરિયાદ કોલ કે રજૂઆત પત્ર પર લક્ષ્ય આપીને તુરંત કામગીરી થતી નથી જેના પગલે લોકોએ કામકાજ છોડીને સામુહિક રીતે રજૂઆત કરવાનું વલણ વધતું રહ્યું છે.

# અમરેલીનાં બગસરામાં ભયજનક શખ્સને પાસા હેઠળ જેલમાં ધકેલાયો

## અમરેલી જિલ્લાં મેજિસ્ટ્રે ટ તથા પોલીસ અધિક્ષક દ્વારા પાસા હેઠળ કાર્યવાહી કરતા, ભય જનક વ્યનકિતને પાસા હેઠળ જેલમાં ધકેલતી અમરેલી એલ. સી. બી તથા બગસરા પોલીસ ટીમ

અમરેલી

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાત દ્વારા અમરેલી જિલ્લામાં અસામાજીક પ્રવૃતિ કરનાર ઇસમો ઉપર કડક હાથે કાર્યવાહી કરવા તેમજ શરીર-સબંધી ગુન્હા ઓ કરવાની ટેવ વાળા અને ઘાતક હથિયારો સાથે નિર્દોષ નાગરીકોને દાદાગીરી, ધાક ધમકી આપી ઈજાઓ કરી જાહેર વ્યવસ્થો ખોરવતા અને ભયનું સામ્રાજ્ય ફેલાવી આંતક મચાવતાં માથાભારે ઇસમો સામે પાસા-તડીપાર જેવા સખ્તસ પગલા લઇ આવા ગુન્હેનગારોને કાયદાનું ભાન થાય, તેમજ જિલ્લા માં કાયદો અને વ્યવસ્થાસ સુદઢ બને, તે માટે પાસા-તડીપારના



પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પો.ઇન્સ.વી.એમ. કોલાદરાએ શરીર સબંધી ગુનાઓ કરવાની ટેવવાળા ભયજનક ઇસમ નદીમભાઇ કાદરભાઇ બારેજીયા નામનાં ૩૦, (રહે.બગસરા), વિરૂધ્ધમ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્તસ તૈયાર કરી, અમરેલી પોલીસ અધિક્ષક મારફત અમરેલી જિલ્લા મેજિસ્ટ્રે ટ તરફ મોકલી આપેલ હતી.

અમરેલી જિલ્લાર મેજિસ્ટ્રે ટ વિકલ્પ ભારદ્વાજ દ્વારા ઉપરોકત ઇસમ વિરૂધ્ધસ પાસાનું વોરંટ ઇસ્યું કરતાં અમરેલી પોલીસ અધિક્ષકની સુચના મુજબ અમરેલી એલ.સી.બી. ટીમ તથા બગસરા પોલીસ ટીમ દ્વારા નદીમભાઇ કાદરભાઇ બારેજીયાને પાસા વોરંટની બજવણી કરી, મધ્યસ્થ જેલ, સુરત ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

**CHANG OF NAME**

We as Parents have undersigned that we have changed our son's name from **VATSAL MADHUSUDANBHAI PARMAR** to **VATSAL MADHUSUDAN PARMAR** Now he will be known by new name **VATSAL MADHUSUDAN PARMAR**

# ખાંભા તાલુકાના ડેડાણ ગામે જાનથી મારી નાખવાની ધમકી

અમરેલી તા.

ખાંભા તાલુકાના ડેડાણ ગામે રહેતા રાજુભાઇ અબ્દુલભાઇ નાગરીયા તથા સતારભાઇ અબ્દુલભાઇ નાગરીયાના પિતા અબ્દુલભાઇ ડેડાણ ગામે સાંકડીશેરી કુંભારવાડામાં રહેતાં રજાકભાઇ ભીખાભાઇ નાગરીયા નામનાં ૬૨ વૃધ્ધના સગા નાના ભાઇ થતા હોય, ત્યારે અબ્દુલભાઇને બંને આરોપી દીકરાઓ સાચવતા ન હોય અને ઘરે આવવા પણ દેતા ન હોય જેથી આરોપીના પિતા તેમનાં મોટા ભાઈ રજાકભાઇ સાથે ચાર દિવસથી રહેતા હોય અને તેમને જમાડતા પણ હોય તેમજ સાચવતા પણ હોય તે બાબતનુ આરોપીઓને સારૂ નહી લાગતા અને તે વાતનું મન દુઃખ રાખી ગત તા.૩૧ ના રાત્રીનાં ૯ વાગ્યે તથા આરોપીઓએ પોતાના મોટા બાપુજી રજાકભાઇના ઘર પાસે જઇ તેમને મને જેમ ફાવે તેમ ગાળો આપી તેમના ઘરની ડેલીમાં પાણા ઘા મારી તેમજ ડેલીને ધક્કો મારી તેમજ પાઇપના ઘા મારી ડેલી મરડી નાખી નુકશાની કરી તેમજ આરોપીઓએ તેમનાં મોટા બાપુજી રજાકભાઇને જાનથી મારી નાખવાની તેમજ વાડીએ બધુ સળગાવી દેવાની ધમકી આપી હતી.

# સિવિલ હોસ્પિટલમાં હડતાળ સમેટાતા દર્દીઓનો ધસારો

રાજકોટ શહેરની સિવિલ હોસ્પિટલનાં પીએમજેવાય બિલ્ડિંગમા ફરજ બજાવતા ન્યુરો સર્જન ડો. પાર્થ પંડયા પર દર્દીનાં પરીચીત જયદીપ ચાવડા નામનાં શખ્સે હુમલો કરતા ઘેરા પ્રત્યાઘાત પડયા હતા . આ ઘટનામા પ્રનગર પોલીસ મથકમા ડો. પંડયાની ફરિયાદ પરથી જયદીપ ચાવડા વિરુધ્ધ ગુનો નોંધવામા આવ્યો હતો અને તબીબોએ આરોપીને ૪૮ કલાકમા ઝડપી લઇ કડક કાર્યવાહી કરવા માંગણી કરી હતી આમ છતા ૪૮ કલાકમા આરોપી ન પકડાતા જુનિયર તબીબોએ હડતાળનુ એલાન કર્યુ હતુ અને જેના કારણે ઓપીડી સેવા બંધ હાલતમાં હતી અને દર્દીઓ માટે



માત્ર ઈમર્જન્સી સેવાઓ કાર્યરત હતી.

જેને કારણે ગઇકાલે સૌરાષ્ટ્ર અને રાજકોટ શહેરમાંથી આવતા દર્દીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો હતો. આ ઘટનામા હાલ પોલીસે આરોપીને રાત્રે ઝડપી લેતા જુનિયર તબીબોએ હડતાલ સમેટી લીધી હતી અને આજે ફરી તમામ ઓપીડી સેવાઓ રાબેતા મુજબ ચાલુ થતા દર્દીઓનો ધસારો જોવા મળ્યો હતો.

# ગીરગઢડાના સનવાવ બસ સ્ટેન્ડ નજીકથી દીપડી પાંજરે પુરાઈઃ વન વિભાગે જસાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડી.



કૈલૈશ ભટ્ટ ઉના

ગીરગઢડા તાલુકાના સનવાવ ગામમાં બસ સ્ટેન્ડ નજીકથી એક દીપડી પાંજરે પુરાઈ છે. આજે રાત્રી ના ૮:૩૦ થી ૯.૦૦ વાગ્યાની આસપાસ વન વિભાગ દ્વારા ગોઠવવામાં આવેલા પાંજરામાં દીપડી ફસાઈ હતી. છેલ્લા ઘણા દિવસોથી આ દીપડી સનવાવ ગામ ના ગીરગઢડા રોડ પર આવેલા બસ સ્ટેશન વિસ્તારમાં દેખાતી હતી. દીપડીના વારંવાર દેખાવાથી ગ્રામજનોમાં ભયનો માહોલ હતો. સનવાવ ગામ જંગલ બોર્ડર નજીક આવેલ હોવાથી સિંહ નો વસવાટ તો કાયમી ગામ માં છે પણ દીપડી ગામ સુધી પોહચી તેમનું નિવાસ સ્થાન નક્કી કરે એ પહેલા પાંજરે પુરાઈ.

# બાબરા તાલુકાના ત્રંબોડા ગામે જાહેરમાં જુગાર રમતાં જડપાયા

અમરેલી તા.

બાબરા તાલુકાના ત્રંબોડા ગામે રહેતાં યુવરાજ વિરકુભાઇ જેબલીયા, બાબરા તાલુકાના મોટા દેવળીયા ગામે રહેતાં વિશ્વજીત ઉર્ફે વિશુ હસુભાઇ વાળા, ચોટીલા તાલુકાના પીપરીયા ગામે રહેતાં કૃષ્ણભાઇ ઉર્ફે કિશોર ગભરૂભાઇ ધાધલ તથા બાબરા તાલુકાના ફુલઝર ગામે રહેતાં વિપુલ ઉર્ફે ગની નામના ચારેય ઈસમો ગત તા.૧ ના મોડી રાત્રે મોટા દેવળીયા ગામે વાડીના પડમાં જાહેરમાં લેમ્પના અંજવાળે તીનપત્તીનો જુગાર રમતાં હોય આ અંગે સ્થાનિક પોલીસને બાતમી મળતાં દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૧૯,૩૦૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ૩ પકડાઇ જઇ તથા એક આરોપી નાસી જતા પોલીસે તેમની શોધખોળ આદરી છે.

# બાબરા તાલુકાના જીવાપર (કરીયાણા) ગામે ઝેરી દવા પી જતા મોત

અમરેલી તા.

બાબરા તાલુકાના જીવાપર (કરીયાણા) ગામે રહેતા ઉમેશભાઇ મનસુખભાઇ પીપળવા નામનાં ૩૨ વર્ષીય યુવકે પોતાની આર્થિક તકલીફના લીધે કંટાળી જઇ અને મનમા લાગી આવતા ગત તા.૨૯ ના સાજના આશરે છએક વાગ્યે કરીયાણા (જીવાપર) ગામે પોતે પોતાની મેળે કપાસમાં છાટવાની ઝેરી દવા પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજ્યાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

સૌરાષ્ટ્ર આજતક

Owner : Leela News Network Pvt. Ltd, Printer & Publishser Komalkant Fakirchand Sharma, On behalaf of Leela News Network Pvt. Ltd. Printed at 2/6 Ghanchiwad, Near jilla Garden, Rajkot Published at Pramukh Swami Arcde, 7th floor, Rajkot.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT) Saurashtra AajTak has no connection or association with Aaj Tak of T.V. Today Network.